દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
ગુરુવાર ૮ જાન્યુઆરી, ૨૦૨૬

અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પનું અન્ય નાના દેશો પર હુમલાનું ગાંડપણ ગમે ત્યારે વિશ્વયુદ્ધ કરાવશે

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના દેશને સમૃદ્ધ કરવા માટે ધાંધા થયા છે. ટ્રમ્પ દેશને સમૃદ્ધ કરશે કે પોતાની કંપનીઓને તે સમય કહેશે પરંતુ ટ્રમ્પના પગલાઓ ગમે ત્યારે વિશ્વયુદ્ધ શરૂ કરાવે તેવી સંભાવના દેખાઈ રહી છે.

ટ્રમ્પ દ્વારા નાના દેશો પર હુમલા કરીને તેમની સંપત્તિ હડપી લેવાની શરૂ કરાયેલી પ્રવૃત્તિ સામે આખા વિશ્વમાં રોષની લાગણી છે. આ લાગણી ક્યાં તો ટ્રમ્પને ઉથલાવશે અથવા ક્યાં તો નાના દેશોને ટ્રમ્પની વિરુદ્ધ ભેગા કરશે. ટ્રમ્પે વેનેઝુએલાના રાષ્ટ્રપતિ ભવનમાં માદુરો અને તેમનાં પત્ની ઊંઘતાં હતાં ત્યારે જ તેમની ધરપકડ કરાવીને કહી દીધું કે હવે વેનેઝુએલાનું ઓઇલ અમારું છે.

જોવામાં આવે તો આ વેનેઝુએલાનું સત્તા પરિવર્તન નથી પણ ટ્રમ્પની ખુલ્લેઆમ કોઇ દેશ અને તેના સંસાધનો હડપી લેવાની નીતિ છે. ટ્રમ્પે માત્ર વેનેઝુએલા પર જ કબજો કર્યો નથી પરંતુ સાથે સાથે મેક્સિકો, ક્યૂબા, ઈરાન, ગ્રીનલેન્ડ, કોલંબિયા સહિત અન્ય નાના પાંચ દેશો પર પણ પોતે હુમલા કરશે તેવી જાહેરાત કરીને વિશ્વને ચોંકાવી દીધા છે.

આજથી બરાબર 203 વર્ષ પહેલાં 1823માં જેમ્સ મનરો નામના એક અમેરિકન વ્યક્તિ સિદ્ધાંત લાવ્યા હતા. જેનું નામ છે મનરો ડોક્ટ્રીન. જેનો અર્થ હતો કે અમેરિકા ખંડમાં યુરોપ દખલ ન કરે. આજે તે જ દેશના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેને બદલીને ડોનરો ડોક્ટ્રીન લાવ્યા છે. એ સમયે ઇરાદો અમેરિકાનું રક્ષણ કરવાનો હતો પણ આજે સોફ્ટ પાવરની જગ્યા ટ્રમ્પની હાર્ડ પાવરની ગુંડાગીરીએ લઈ લીધી છે. આમ તો અમેરિકાએ અત્યાર સુધીમાં અનેક વખત અન્ય દેશો પર આક્રમણ કર્યા છે.

ઈતિહાસ જોવામાં આવે તો 1846થી 2026 સુધીમાં અમેરિકાએ 16થી વધુ દેશો પર સીધા અથવા પરોક્ષ રીતે આક્રમણ કર્યા છે. 1950 પછી અમેરિકાએ 400થી વધુ મિલિટરી ઓપરેશન કર્યાં છે. જેણે વિશ્વમાં મોંઘવારી વકરાવી છે.

જોકે, ટ્રમ્પ એટલા માટે મિલિટરી એક્શન કરી રહ્યા છે કે તેમણે અમેરિકામાં ચૂંટણીઓ જીતવી છે. અમેરિકામાં 2025ના વર્ષમાં ટ્રમ્પની પાર્ટી માત્ર 33 ટકા જ ચૂંટણી જીતી શકી છે. જ્યારે 67 ટકા ચૂંટણીઓ હારી ગઈ છે. હાલમાં અમેરિકામાં મિડટર્મ ચૂંટણીઓ થવાની છે અને સ્થિતિ જોતાં ટ્રમ્પે તેમાં હારનું મોઢું જોવું પડે તેમ છે.

ટ્રમ્પ મિલિટરી એક્શન દ્વારા પોતાની ઈમેજ સુધારવા માટે પ્રયાસો કરી રહ્યા છે. સાથે સાથે અમેરિકાના મતદારોને એવું કહેવા માંગી રહ્યા છે કે મેં અમેરિકાને ફાયદો કરાવ્યો. ટ્રમ્પ વેનેઝુએલામાંથી ક્રુડ ઓઈલ લઈ લેવા માંગે છે. જ્યારે ગ્રીનલેન્ડમાં જે રેર અર્થ મિનરલ્સ છે તે ઉઠાવી લેવાની ઈચ્છા ધરાવે છે. ઈરાનની પરમાણુની જીદ છોડાવવા માટે ટ્રમ્પ તેની પર હુમલો કરવાનો ઈરાદો ધરાવે છે. જ્યારે ડ્રગ્સનું નામ લઈને મેક્સિકો અને ચીન તેમજ રશિયાના પ્રભુત્વને નાથવા માટે ક્યૂબાને પણ કબજે કરવાનો ટ્રમ્પનો ઈરાદો છે.

ટ્રમ્પના ઈરાદા ખતરનાક છે. ટ્રમ્પ દ્વારા જો આ નાના દેશો પર હુમલા કરવામાં આવશે તેની અસર આખા વિશ્વ પર મોટાપાયે પડે તેમ છે. જો ગ્રીનલેન્ડ પર અમેરિકા હુમલો કરે તો નાટોનો છેદ ઉડી જશે અને આ સંજોગોમાં રશિયા યુક્રેનના ભૂક્કા બોલાવી દેશે. સરવાળે વિશ્વયુદ્ધ જેવી સ્થિતિનું નિર્માણ થાય તેમ છે. અમેરિકાના ટ્રમ્પની લાલસા અને ગાંડપણ ગમે ત્યારે વિશ્વને વર્લ્ડ વોરમાં ધકેલી દેશે અને તેની અસર ભારતને પણ થશે.

ટ્રમ્પના તઘલખી નિર્ણયો સામે હવે નાના દેશોએ ભેગા થવું પડે તેમ છે. ટ્રમ્પને નાથવા હશે તો વિશ્વના અન્ય દેશોએ એકતા બતાવવી પડશે. ટ્રમ્પના મિલિટરી એક્શને કારણે ભારતને પણ નુકસાન થશે. આઝાદી પછી 1950ના સમયમાં ભારતે કોરિયા અને વિયેતનામ મુદ્દે જે સ્પષ્ટ વલણ રાખ્યું હતું તેવી હિમત ભારતે અને વિશ્વએ આજે ટ્રમ્પને પણ દેખાડવી પડશે. જો વિશ્વ હવે ચૂપ રહેશે તો કાલે રશિયા યુક્રેન પર, ચાઈના તાઈવાન પર અને બીજા દેશો પણ એકબીજા પર લોહી તરસ્યા દુશ્મનની જેમ તૂટી પડશે. શરૂઆત તો કોઈએ કરવી પડશે ચાહે એ ભારત હોય, ચીન હોય, રશિયા હોય કે યુનાઈટેડ નેશન્સ હોય બાકી ટ્રમ્પ દુનિયાનો ભરડો લઈ લેશે. ટ્રમ્પ એક પરિવક્વ રાજકારણી નથી અને તેને કારણે તેના તમામ પગલા વિધ્વંશકારી છે. જો તેમ થશે તો દુનિયામાં અમેરિકાની એકમાત્ર ઈજારાશાહી ચાલશે અને બાકીના દેશો દેવાળીયા થઈ જશે તે નક્કી છે.

બે મિનિટનું મહત્વ

એક નાનકડા વેપારીના પુત્રના લગ્ન થયા, લગ્નના એક વર્ષ બાદ પત્ની ગર્ભવતી થઈ,વેપારીના દીકરાને થયું કે હું દૂર દેશાવર જઈ અને વેપાર કરી વધુ પૈસા કમાઉ દીકરાએ પિતા પાસે જઈને મનની વાત કરી પિતાએ કહ્યું, 'ભલે વાંધો નથી પણ તારી ગર્ભવતી પત્નીને પૂછી જો.' ગર્ભવતી પત્નીએ સહર્ષ હા પાડી માત્ર એટલું જ વચન માગ્યું કે 'અમને ભૂલતા નહીં' વેપારીનો દીકરો વેપાર કરવા માટે દૂર દેશાવર નીકળી ગયો, ૧૭ વર્ષ વીતી ગયા વેપારીને દીકરાએ ખુબ પૈસો ભેગો કર્યો હવે તેને થયું

કે પૈસાની પાછળ બહુ દોડ્યો મારે મારા પરિવાર પાસે પાછા જવું જોઈએ. વેપારી પોતાના નગર જવાની તૈયારી કરી રહ્યો હતો ત્યારે તેની પાસે એક વિદ્વાન આવ્યો વિદ્વાને કહ્યું કે, 'આ પ્રદેશમાં ભલે સમૃદ્ધિ છે પણ જ્ઞાનનું કોઈ મહત્વ નથી. હું અહીં મારા જ્ઞાન સૂત્રોનો વેપાર કરવા આવ્યો હતો. પણ કોઈ એક જ્ઞાન સૂત્ર ખરીદવા પણ રાજી નથી.' વેપારીને થયું કે વર્ષોથી આ કર્મભૂમિએ મને કંઈક કેટલી સફળતાઓ આપી છે તો તેનું નામ આમ બગડે તે ન ચાલે તેણે કહ્યું, ' વિદ્વાન, હું ખરીદીશ મને કહો તમારા જ્ઞાનસૂત્રની શું કિંમત છે.' વિદ્વાન બોલ્યા, 'એક જ્ઞાનસૂત્રની કિંમત 500 સોનાની મોહરો છે.' વેપારીને સોદો મોંઘો લાગ્યો પણ છતાં તેને ખરીદીવાનું નક્કી કર્યું. તેણે વિદ્વાનને કહ્યું, 'મને એક જ્ઞાનસૂત્ર કહો.' વિદ્વાને કહ્યું 'કોઈ પણ કાર્ય કરતાં પહેલાં બે મિનિટ ચોક્કસ મન શાંત કરીને વિચારી લેવું પછી જ તે કાર્ય કરવું.' આ જ્ઞાનસૂત્ર મેળવી તેણે પોતાના નગર તરફ જવા પ્રયાણ કર્યું.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

કોઈને જાણ કર્યા વિના વેપારી ચૂપચાપ પોતાના ઘર તરફ ગયો ઘરમાં અંદર જઈને જોયું તો પત્ની એક યુવાનની સાથે સુતી હતી વેપારીને ખૂબ જ ગુસ્સો આવ્યો તેણે ખંજર કાઢ્યું અને વાર કરવા જતો હતો ત્યાં જ તેને પેલું જ્ઞાનસૂત્ર યાદ આવ્યું એટલે તે બે મિનિટ અટકી ગયો... આ વિચારોમાં વેપારી ખોવાયેલો હતો ત્યાં જ તેની પત્નીની આંખો ખુલી અને પત્ની પોતાના પતિને જોઈને રાજી રાજી થઈને બોલી, ' સ્વામી તમે આવી ગયા, આટલા વર્ષો એકલતામાં કેવી રીતે વિતાવ્યા છે તે મારું મન જ જાણે છે.' વેપારી હજી પણ ગુસ્સામાં હતો તેણે પેલા યુવક તરફ જોયું પત્ની બોલી, 'બેટા જો તારા પિતા આવ્યા છે.' યુવકે ઉભા થઈને પિતાને પ્રણામ કર્યા.

વેપારી પોતાના પત્ની અને પુત્રને જોઈને ભેટી પડ્યો તેની આંખમાંથી આંસુ નીકળી ગયા તે મનમાં પેલા વિદ્વાનને પ્રણામ કરવા લાગ્યો કે તેણે આપેલા જ્ઞાનસૂત્રને કારણે આજે તેનો પરિવાર બચી ગયો. જો તેને ક્રોધમાં આવી અને ખંજર કાઢીને કોઈ ખરાબ કૃત્ય કર્યું હોત તો આજે તેનો પરિવાર તેના હાથે જ ખતમ થઈ ગયો હોત.

વિદેશી સંસ્થાગત રોકાણકારો (FII) દ્વારા 2025માં છેલ્લા બે દાયકાનું વિક્રમી વેચાણ શું સૂચવે છે?

ઈકો-નોમિક્સ
ડૉ.જયનારાયણ વ્યાસ

2025નું વર્ષ તેની બધા જ પ્રકારની લાક્ષણિકતાઓ સાથે પૂરું થયું છે. ભારતીય અર્થવ્યવસ્થા હજુ પણ કોઈ નક્કર પ્રગતિ કરી રહી હોય એવું કોણ જાણે કેમ માનવાનું મન થતું નથી. આ માટે કેટલાંક પરિબળો ધ્યાને લેવાં જણાય છે, જે નીચે મુજબ છેઃ

ફોરેન ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સ એટલે કે વિદેશી સંસ્થાગત રોકાણકારોને ભારતની વિકાસગાથામાં જાણે કે કોઈ જ રસ ન પડતો હોય તે રીતે ૨૦૨૫ના વર્ષ દરમિયાન ૧.૬ લાખ કરોડનું રોકાણ એમણે ગાંઠે કર્યું હતું, જે છેલ્લા બે દાયકામાં કોઈ પણ એક વર્ષ દરમિયાન વિદેશી સંસ્થાગત રોકાણકારોએ ભારતીય શેરબજાર થકી પોતાનું રોકાણ પાછું ખેંચ્યાનો રેકોર્ડ છે. છેલ્લા ૮થી ૧૨ મહિનામાં એફઆઈઆઈ કુલ્લે વેચવાલ રહી હતી અને ડિસેમ્બર, ૨૦૨૫ના એક જ મહિનામાં ૨૨,૬૧૧ કરોડ જેટલું રોકાણ એમણે પાછું ખેંચ્યું હતું. આમ, ભારતીય અર્થવ્યવસ્થાનું ગમે તેટલું ગુલાબી ચિત્ર આપણી સામે રજૂ કરવામાં આવે એ થકી વિદેશી સંસ્થાગત રોકાણકારોનું મન આપણે જીતી શકતાં નથી. આ માટેનાં કારણો પણ બહુ દૂર શોધવા જવાં પડે તેવાં નથી જે નીચેના મુદ્દાઓમાં સ્પષ્ટતાપૂર્વક રજૂ કર્યાં છે.

ભારતીય શેરબજારનું વેલ્યુએશન એની કુલ કમાણી કરતાં ૨૨ ગણું છે, જે એને દુનિયાનું સૌથી મોંઘા શેરબજાર તરીકે પ્રસ્થાપિત કરે છે. આમ, ભારતીય શેરબજારમાં રોકાણ એટલે અવાસ્તવિક રીતે ઊંચી કિંમતવાળી પ્રોડક્ટની ખરીદી બરોબર છે. વૈશ્વિક રોકાણકારો સામે આખી દુનિયામાં ગમે ત્યાં રોકાણ કરવા માટેના વિકલ્પો ખુલ્લા છે અને એટલે એમ કહી શકાય કે, ભારતીય શેરબજાર વૈશ્વિક સંદર્ભમાં મોંઘું છે.

ભારત સરકાર કોઈ પણ ભોગે ડૉલર સામે રૂપિયાને પડતો અટકાવવા માટે મરણિયા પ્રયાસ કરી રહી છે. આમ છતાંય આજે એક ડૉલર સામે ૯૧ રૂપિયાની સપાટી પકડાઈ છે. ૨૦૨૬ દરમિયાન ડૉલર ૯૫ રૂપિયા કે પછી ૧૦૦ રૂપિયાની સપાટી વટાવશે તે અંગેનો કોઈ પણ તર્ક કાચો અથવા જુઠ્ઠો પડી શકે છે.

અગાઉ જણાવ્યું તેમ જાપાન, તાઈવાન અને આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ સ્ટોક અમેરિકન રોકાણ સામે સારું વળતર આપે છે ત્યારે વૈશ્વિક રોકાણકાર માટે અન્યત્ર સારા વળતરની તક હોવાથી ભારતીય શેરબજારમાં એ ક્યાં કારણોસર પોતાનું રોકાણ ચાલુ રાખીને બેસી રહે? આમ, ભારતીય શેરબજાર મોંઘું છે એટલું જ નહીં પણ સ્પર્ધાત્મક વળતર પણ નથી આપતું, જેને કારણે વૈશ્વિક રોકાણકારો માટે ભારતમાં પોતાનું રોકાણ ચાલુ રાખવું બિનઆકર્ષક બની રહે છે. કોર્પોરેટ અર્નિંગ એટલે કે ભારતીય કોર્પોરેટ સેક્ટરની કમાણી બહુ મેળ ખાય તેવી નથી. ખાનગી કેપેક્ષ જીડીપીના ૧૨ ટકાએ અટવાઈને ઊભું રહી ગયું છે, માંગ નબળી છે, ઉદ્યોગોમાં કેપેસિટી યુટીલાઈઝેશન ધાર્યા મુજબનું નથી, જેને કારણે આવનાર સમયમાં પણ એમના પ્રોફિટ માર્જીનમાં કોઈ નાટ્યાત્મક સુધારો થાય એવી શક્યતાઓ નથી.

ઉપરોક્ત એક અથવા એક કરતાં વધુ કારણોને લઈને શેરબજાર રોકાણકારો માટે આજની સ્થિતિએ આકર્ષક વિકલ્પ નથી એટલું જ નહીં પણ ૨૦૨૬ દરમિયાન એવાં કોઈ નાટ્યાત્મક પરિણામો આવે એવું નથી દેખાતું, જેને કારણે શેરબજાર વિદેશી રોકાણકારોને આકર્ષે.

આમ, જે રીતે સરકાર વિદેશી હૂંડિયામણને ફૂંકી મારીને કૃત્રિમ રીતે રૂપિયાને ડૉલર સામે ૧૦૦ની સપાટી પાર કરતો રોકવા મરણિયો પ્રયાસ કરી રહી છે, બરાબર તે જ રીતે દેશનું શેરબજાર ઊંચકાયેલું રહે તે માટે જાહેર ક્ષેત્રીય સંસ્થાગત રોકાણકારોને પોતાની પાસેના નાણાં શેરબજારમાં ઠાલવી એને ટકાવી રાખવાનું વ્યાયામ ૨૦૨૫ના વર્ષ દરમિયાન સરકારે કર્યો અને એ જ ગતિવિધિ ૨૦૨૬ના વર્ષ દરમિયાન પણ ચાલુ રહે તો 'તેરા પુણ્ય તેરે દ્વાર' એમ આપણા જ પૈસા આપણા સંસ્થાગત રોકાણકારો અથવા જાહેર ક્ષેત્રીય કંપનીઓ થકી શેરબજારમાં ઠાલવીને કેટલાંક ચોક્કસ ઔદ્યોગિક જૂથોનું હિત જળવાય તે રીતની કાર્યવાહી સરકારના ઈશારે થતી જોવા મળે તો નવાઈ પામવા જેવું નહીં ગણાય.

આ દેશના રોકાણકાર માટે મજબૂરી એ છે કે, એને આ કૂવામાંથી જ પાણી પીવાનું છે, એટલે શેરબજારનું સેન્સેક્ષ અથવા નિફ્ટી ઊંચકાય અથવા એની સાથે કોઈ ચેડાં કરવામાં આવે તો એ નવાઈ પામવા જેવું નહીં હોય. બીજી બાજુ, ૨૦૨૫ના અંતિમ છ મહિના દરમિયાન સોનું, ચાંદી જેવી ધાતુઓમાં આવેલી તેજી અને તેનો કરંટ કોપર એટલે કે ત્રાંબાને પણ લાગે તેવી શક્યતાઓ જોતાં એક છેલ્લી આશા તરીકે રોકાણકાર સોનું, ચાંદી કે ત્રાંબા તરફ વળે તેવી શક્યતાઓ પણ નકારી શકાતી નથી. આ બધી ઘટનાઓ વચ્ચે ભારતીય અર્થવ્યવસ્થા હવે વિશ્વની ચોથા નંબરની અર્થવ્યવસ્થા બની છે. આ પાછળ ૧૪૫ કરોડથી વધુ વસતી મૂળ કારણ હોય એવું જણાય છે એટલે જીડીપી વૃદ્ધિદરને કારણે દોરવાઈ જઈને અર્થવ્યવસ્થા તેજી તરફી છે અને ફુગાવો નીચો છે એટલે ભારતીય અર્થવ્યવસ્થા સદ્ધર અને મજબૂત છે એવું તારણ કાઢવા જતાં ત્યાં ભીંત ભૂલી જવાય એવું બનવાની પૂરેપૂરી શક્યતાઓ રહેલી છે. ફોરેન ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સ દ્વારા ૨૦૨૫ના વર્ષ દરમિયાન રેકોર્ડ ૧.૬ લાખ કરોડનું કાગળિયું ફૂંકી મરાયું તે ઘટના કોઈ આકસ્મિક બનેલી ઘટના નથી પણ લાંબા ગાળાની ઘટના તરીકે એને વૈશ્વિક દૃષ્ટિએ ભારતીય અર્થવ્યવસ્થા આગામી સમય દરમિયાન રોકાણ માટેનો કોઈ ગંભીર વિકલ્પ પૂરો નથી પાડતી તે રીતે જોવું જોઈએ.

૨૦૨૫ના વર્ષ દરમિયાન ૧.૬ લાખ કરોડનું રોકાણ FII એ ગાંઠે કર્યું, જે છેલ્લા બે દાયકામાં કોઈ પણ એક વર્ષ દરમિયાન વિદેશી સંસ્થાગત રોકાણકારોએ ભારતીય શેરબજાર થકી પોતાનું રોકાણ પાછું ખેંચ્યાનો રેકોર્ડ છે

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

દુષ્કાળની આ પરિસ્થિતિ માનવસર્જીત નહીં, સરકારસર્જીત

ફીર દેખો યારોં
બીરેન કોઠારી

દુષ્કાળ માનવસર્જીત હોય કે કુદરતસર્જીત? આ સવાલ જ અસ્થાને જણાય, કેમ કે, દુષ્કાળનું સીધું કારણ અનાવૃષ્ટિ કહી શકાય, જે કુદરતને આધીન છે પણ એક તરફ પાણીની અછતને પહોંચી વળવા માટે વિવિધ જળપ્રકલ્પો અમલમાં હોય, એમાં પણ નવા નવા વિસ્તારો લાભાન્વિત થઈ રહ્યા હોય, છતાં કેટલાક વિસ્તારોને કેવળ રાજકીય કારણોસર બાકાત રાખવામાં આવે ત્યારે દુષ્કાળ માનવસર્જીત અને વધુ ચોકસાઈથી કહીએ તો સરકારસર્જીત બને છે.

આનું એક નમૂનેદાર ઉદાહરણ એટલે કર્ણાટક રાજ્યમાં આવેલો 'અપર ભદ્રા સિંચાઈ પ્રકલ્પ'. તેના વિશે વધુ વાત કરતાં પહેલાં આ પ્રકલ્પનું મહત્ત્વ સમજી લઈએ. કર્ણાટકની બે નદીઓ તુંગ અને ભદ્રા પશ્ચિમ ઘાટમાંથી નીકળીને કૂડલી ગામે મળે છે અને ત્યાંથી આગળ આ સંયુક્ત પ્રવાહ તુંગભદ્રા નદી તરીકે ઓળખાય છે. આ નદી કર્ણાટકનો મહત્ત્વનો જળસ્રોત ગણાય છે અને તે કૃષ્ણા નદીની ઉપનદી છે. તુંગભદ્રા પર, હોસ્પેટ નગર પાસે બંધાયેલો બંધ અતિ મહત્ત્વનો છે, તેમ ભદ્રા નદી પર, લક્કવલ્લી નગર પાસે બંધાયેલો બંધ પણ અતિ મહત્ત્વનો છે. આ બંધ લક્કવલ્લી બંધના નામે પણ ઓળખાય છે.

અહીંના 'અપર ભદ્રા સિંચાઈ પ્રકલ્પ'ને રાજકીય ગ્રહણ લાગ્યું છે. શી છે આ યોજના? આ પ્રકલ્પનો મૂળભૂત હેતુ ચિક્કમગલૂર, ચિત્રદુર્ગ, તુમકુરુ અને દાવણગેરે તાલુકાઓને સિંચાઈનું તેમજ પીવાનું પાણી પૂરું પાડવાનો છે, કેમ કે, પાકની નિષ્ફળતા, તેને કારણે થઈ રહેલાં સ્થળાંતર તેમજ ફ્લોરાઈડયુક્ત પાણી જેવાં પરિબળોને કારણે આ ક્ષેત્રો દુષ્કાળગ્રસ્ત છે. 'અપર ભદ્રા સિંચાઈ પ્રકલ્પ' એક રીતે 'લિફ્ટ ઈરિગેશન પ્રોજેક્ટ' છે, એટલે કે તુંગ અને ભદ્રા નદીનાં પાણીને ઉપરની તરફ આવેલા દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં લઈ જવાનું છે. એમ કરવાથી અહીંના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં પાણીની સવલત થવાથી સિંચાઈની સુવિધા ઊભી થશે, ભૂગર્ભજળનાં સ્તર ઊંચે આવશે તેમજ ઉપર જણાવેલા ચારે વિસ્તારોમાંના કુલ 367 તળાવોને પણ ભરવામાં આવશે. આમ, આ એક મહત્ત્વાકાંક્ષી, બહુહેતુક અને દુષ્કાળની સમસ્યાનું ઘણે અંશે નિવારણ લાવતો પ્રકલ્પ બની રહે એમ છે. આ પ્રકલ્પની મહત્તાને પારખીને ફેબ્રુઆરી, 2022માં કર્ણાટકના તત્કાલીન મુખ્યમંત્રી બસવરાજ બોમ્માઈએ ઘોષિત કરેલું કે કેન્દ્રિય જળ આયોગની એક ઉચ્ચસ્તરીય સમિતિએ આ પ્રકલ્પને રાષ્ટ્રીય પ્રકલ્પ ગણવાની ભલામણ કરી છે. જલશક્તિ મંત્રાલય દ્વારા કરાયેલા ટેક્નિકલ નિરીક્ષણ પછી આ પગલું લેવાયેલું. આ ઘોષણાના એક વર્ષ પછી કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે બજેટ વેળા 5,300 કરોડ રૂપિયાની ગ્રાન્ટ ઘોષિત કરી હતી, જેથી આ પ્રકલ્પના અમલીકરણને વેગ મળે. આ ઘોષણા સમયે કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની હતી.

એ વાતને બે વર્ષ વીતી ગયાં. ઘોષિત કરાયેલી આ રકમમાંથી એક પૈસો હજી સુધી ફાળવવામાં આવ્યો નથી. એ તો ઠીક, કેન્દ્ર સરકારે હવે હાથ ઊંચા કરી દીધા છે કે આ પ્રકલ્પ કેન્દ્ર સરકાર પ્રયોજિત નથી. નવાઈ લાગે એવી વાત એ છે કે બજેટ દરમિયાન આ રકમની ઘોષણા ખુદ કેન્દ્ર સરકાર દ્વારા જ કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારે પોતે ફાળવેલા બજેટ બાબતે એ પોતે જ ફરી જાય તો શું કરવાનું?

કારણ સાફ છે. અગાઉ આ ઘોષણા વખતે કર્ણાટકમાં ભારતીય જનતા પક્ષની સરકાર હતી, જ્યારે હવે કોંગ્રેસ પક્ષની સરકાર છે. એટલે આખા મામલાના મૂળમાં પક્ષીય રાજકારણ છે. પક્ષીય રાજકારણ એ હદે કથળી ગયું છે કે સમસ્યાઓના ઉકેલ પણ એ મુજબ વિચારવામાં આવે છે? આનો જવાબ 'હા'માં છે અને આવાં એક નહીં, અનેક ઉદાહરણો જોવા મળી શકે એમ છે. સંકુચિત પક્ષીય વલણ દાખવતા રાજકારણીઓ સર્વસામાન્ય પ્રજાલક્ષી હિતના મામલે પણ પક્ષીય વિચારધારાથી ઉપર ઊઠીને વિચારી શકતા નથી એ ખેદજનક કહી શકાય. સાથે જ એટલું કહેવું રહ્યું કે આ અપવાદ નહીં, નિયમ છે.

એવુંય નથી કે પક્ષીય રાજકારણ અને એને લગતી સંકુચિત વિચારધારા નવીનવાઈનાં અને આજકાલનાં છે. પક્ષ બન્યા ત્યારથી જ પક્ષીય રાજકારણ પણ શરૂ થયું. આમ છતાં, એ કદી એક મૂલ્ય નહોતું અને આટલું ખુલ્લેઆમ નહોતું. દરેક પક્ષમાં એવા નેતાઓ હતા ખરા કે જે વ્યાપક, સર્વસમાવેશી હિત જોઈ વિચારી શકતા હોય. હવે એ નવું મૂલ્ય બની રહ્યું છે અને વર્તમાન નેતાઓના વલણથી એ છેક લોકોના મનમાં પણ પેઠું છે.

અગાઉ પોતે જ કરેલી જાહેરાત બાબતે હવે સાવ નામક્કર જવું અને કહી દેવું કે એ રાષ્ટ્રીય પ્રકલ્પ નથી, એ કેવળ બોલીને ફરી જવા પૂરતી વાત નથી. સંસદમાં કરેલી ઘોષણા પર રાજકીય અથવા તો પક્ષીય હિત કઈ રીતે હાવી થઈ જાય છે એનો નમૂનો છે. દુષ્કાળગ્રસ્ત વિસ્તારના લોકોની વાસ્તવિક જરૂરિયાત કરતાં પણ પક્ષીય હિત અગ્રતાક્રમે આવે એવી આ વરવી પરિસ્થિતિ છે.

ચૂંટણીનાં પરિણામ પોતાની વિરુદ્ધમાં આવે એટલે શું ત્યાંનાં જરૂરિયાતમંદ લોકોને દંડવાના? શું આ રાજ્ય દેશની બહારનો અન્ય કોઈ પ્રદેશ છે? એક વરસ અગાઉ પણ કર્ણાટકે કેન્દ્ર સરકાર દ્વારા અપાતા દુષ્કાળ રાહતનાં બાકી નાણાં મેળવવા માટે સર્વોચ્ચ અદાલતનો દરવાજો ખટખટાવવો પડ્યો હતો. હવે વધુ એક વાર 'અપર ભદ્રા પ્રોજેક્ટ' માટે પણ એ જ માર્ગ અપનાવવાની તૈયારી છે. કોઈ રાજ્યને પોતાનો વાજબી હિસ્સો મેળવવા વારંવાર અદાલતનો સહારો લેવો પડે, એ સ્થિતિ સંસ્થાગત વિશ્વાસ તૂટી રહ્યો હોવાનો સંકેત છે. એ સહેજ પણ ઈચ્છનીય નથી. આ લડાઈ કેવળ પાણી માટે નથી પરંતુ ચૂંટણી પત્યા પછી પણ બંધારણીય ખાતરીઓ અને સંસદીય વચનો અર્થપૂર્ણ બની રહે છે કે કેમ એની એક પ્રકારે કસોટી છે.

ઘોષિત કરાયેલી આ રકમમાંથી એક પૈસો હજી સુધી ફાળવવામાં આવ્યો નથી. એ તો ઠીક, કેન્દ્ર સરકારે હવે હાથ ઊંચા કરી દીધા છે કે આ પ્રકલ્પ કેન્દ્ર સરકાર પ્રયોજિત નથી. નવાઈ લાગે એવી વાત એ છે કે બજેટ દરમિયાન આ રકમની ઘોષણા ખુદ કેન્દ્ર સરકાર દ્વારા જ કરવામાં આવી હતી

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

દેશના ભ્રષ્ટાચારો

મલેશિયાના પૂર્વ પ્રધાનમંત્રીને ભ્રષ્ટાચાર આચરવા બદલ 15 વર્ષની જેલ અને મોટી રકમ ગણી શકાય તેવો 2.8 અબજ ડોલરનો દંડ કરાયાની તાજેતરની ઘટના નોંધપાત્ર છે. આપણા દેશમાં પણ ભ્રષ્ટાચારો ઘણા વધ્યા છે તેવું લોકમુખે જાહેરમાં ચર્ચાય છે અને એમાંય ભ્રષ્ટાચારો પણ તે ઝડપે વધી રહ્યા છે.

રાજ્યના તકેદારી આયોગના રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે આરોપ સાબિત હોવા છતાં નાનો દંડ આપીને પ્રકરણો બંધ કરાય છે. લાંચરુશ્વત વિરોધી બ્યુરોએ છેલ્લાં પાંચ વર્ષમાં ભ્રષ્ટાચારોના 1475 કેસોમાં ચાર્જશીટ દાખલ કરેલ હતી જેમાંના માત્ર 187 કેસ જ (12 ટકા) સાબિત થયેલ છે. સુપ્રીમ કોર્ટના એક ચુકાદામાં ભ્રષ્ટ અધિકારીઓ સામે જૂના કેસોની તપાસ માટે કેન્દ્ર સરકારની મંજૂરી જરૂરી નથી તેવા આપેલા ચુકાદા છતાં સજાપાત્ર કેસોની સંખ્યા ઘણી ઓછી હોય છે.

દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સીબીઆઈને ગમે તેવા ભ્રષ્ટાચારીને પણ છોડે નહીં અને આકરી કાર્યવાહી કરે તેવા આદેશો કર્યા હોવા છતાં આજે ભ્રષ્ટાચારો અનેકગણા થયેલ છે જેનો ઈન્કાર થઈ શકે એમ નથી. જ્યારે આપણા દેશમાં ભ્રષ્ટાચારીઓના જ સ્વાગત થાય છે. મેક્સીકોના પ્રજા ભ્રષ્ટાચારો સામે રસ્તાઓ ઉપર ઊતારી જે પ્રજા માટે આવકાર્ય જ ગણી શકાય. આખા દેશને લૂણો લગાડવાની તાકાત જો કોઈમાં હોય તો તે ભ્રષ્ટાચારો જ છે.

સોલા, અમદાવાદ- પ્રવીણ રાઠોડ

ઉત્તરાયણમાં સાવધાન રહો

સુરતીજનોનો અતિપ્રિય તહેવાર એટલે ઉત્તરાયણ, પતંગોત્સવ. બાળકો 15 દિવસ પહેલાં જ પતંગ ઉડાવી રજા માણવાની શરૂઆત કરી દે છે. પરંતુ આ પર્વ આકાશમાં ઊડતાં નિર્દોષ પક્ષીઓ માટે ઘાતક બની રહેતો હોય છે તથા રાહદારીઓ અને દ્વિચક્રી વાહનચાલકો માટે ગળામાં દોરી ભરાઈ જતાં અકસ્માત તથા મૃત્યુનું પણ જોખમ બની રહેતું હોય છે. આથી પર્વમાં સુરક્ષિત રહેવા નમ્ર સૂચનો. (1) દ્વિચક્રી વાહનચાલકો, ગળામાં દુપટ્ટો કે જાડો રૂમાલ અવશ્ય બાંધી રાખો. (2) તમારી નોકરી-વેપારના સ્થળે પહોંચવા ખૂબ જ ઝડપી દ્વિચક્રી વાહનો અને ખાસ કરીને ઓવરબ્રીજ પરથી પસાર થતાં, ખાસ કાળજી રાખો, ધીમે હંકારો, પહોંચવાના સમય કરતાં અડધો કલાક દરરોજ કરતાં વહેલાં start લો. (3)અગાશી પરથી પતંગ ચગાવતાં નાનાં બાળકોનું ખાસ ધ્યાન રાખો. વાયરો સાથે ભેરવાઈ ગયેલા પતંગો કાઢવાની કોશિશ કરો. (4) સવારે 6 થી 8 તથા સાંજે 6.00 પછી પતંગ ચગાવવાનું ટાળો, કારણ આ સમય પક્ષીઓ મોટા પ્રમાણમાં, આકાશમાં ઊડતાં હોય છે. (5) અંતમાં કાળજી રાખો, સુરક્ષિત રીતે, પતંગોત્સવ માણો.

રાંદેર રોડ, સુરત- દીપક બી. દલાલ

ઉત્સાહી સરપંચોની કમાલ

નવા વરસના શુભ સમાચાર. બારડોલી તાલુકાના સંપૂર્ણ આદિવાસી વસ્તી ધરાવતું નાનકડું નાની ભટવાલ ગામ આજે રાજ્યભરમાં શિક્ષણના મોડેલ તરીકે ઊભરી આવ્યું. જેનું શ્રેય ત્યાંના સ્વપ્નદ્રષ્ટા યુવા સરપંચ શ્રી અંકિતભાઈ ચૌધરીને જાય છે.

ગામના વહીવટ દરમ્યાન તેમણે જોઈ લીધું કે ગામનાં આર્થિક રીતે નબ